# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૨૩ • ૧૫ એપ્રિલ ૨૦૨૨ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## શિશુવિહારનાં આંગણે બાલવંદના




પૂર્વ પ્રાથમિક શિક્ષણને સુદ્દઢ કરવા માટે શિશુવિહારના ઉપક્રમે ભાવનગર શહેરની ૩૧૬ આંગણવાડી સાથે સતત ૧૧મા વરસે આંગણવાડી સંચાલન વિષયે તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો.

પોતાની વયના ૯૬માં વર્ષ સુધી શિશુવિહારની બાળતાલીમ સાથે જોડાયેલ સ્વાતંત્ર્યસેનાની શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટની સ્મૃતિમાં પ્રતિવર્ષ યોજાતા 'પૂર્વ પ્રાથમિક સંવર્ધન' તાલીમ અંતર્ગત તારીખ ૨ માર્ચ થી ૮ માર્ચ દરમિયાન ૬ તબક્કે સવારે ૮:૩૦ થી સાંજના ૪:૩૦ સુધી ચાલેલ 'બાલવાડી સંચાલન' તાલીમમાં ૩૧૬ આંગણવાડી કાર્યકરો તથા જિલ્લા શહેર આઈ.સી.ડી.એસ. વિભાગના ૧૬ સુપરવાઈઝરો જોડાયા હતા.

ભાવનગર મેયરશ્રી કીર્તિબહેન દાણીધારિયા, ડેપ્યુટી કમિશનર શ્રી રાજપૂત સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રારંભાયેલ પ્રથમ દિવસીય શિબિરથી





તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Phone: (0278)2512850




તાલીમઃ પ્રાર્થના
ટ્રેનરઃ શ્રી મંદાબહેન ભટ્ટ



તાલીમઃ બાળગીત
ટ્રેનરઃ શ્રી કમલાબહેન બોરીચા



તાલીમઃ અભિનય ગીત
ટ્રેનરઃ શ્રી મનીષાબહેન કણબી



તાલીમઃ સર્જનાત્મક શકિત
ટ્રેનરઃ શ્રી પ્રીતિબહેન ભટ્ટ



તાલીમઃ રમત
ટ્રેનરઃ શ્રી અંકિતાબહેન ભટ્ટ



તાલીમઃ જીવનઉપયોગી તાલીમ
ટ્રેનરઃ શ્રી ઉષાબહેન રાઠોડ

૧૦-૧૦નાં જૂથમાં ૬૦ બહેનોને શિશુવયે મૂલ્યનું આરોપણ કરી શકતી પ્રાર્થના, બાળગીતો, બાળકોમાં અભિવ્યક્તિ વિકાસની ક્ષમતા રાખતી જીવન શિક્ષણ અને અભિનય ગીત તાલીમ તથા બાળકના સમાજીકરણ માટેની મેદાની રમતો શીખવવામાં આવી

આંગણવાડી શિક્ષકોને મળેલ પ્રત્યક્ષ તાલીમ શહેરનાં ૮૦૦૦ ગરીબ બાળકો સુધી પહોંચે તેવા હેતુથી તાલીમી પુસ્તિકા અને ૫ ભાગમાં તૈયાર થયેલ વિઝયુઅલ પણ સહુ માટે યુ-ટયુબ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ.

સ્વ. શ્રી શૈલાબહેન પ્રફુલકુમાર સૂચક, સ્વ. શ્રી રસુબહેન પ્રેમશંકરભાઈ ભટ્ટ તથા શ્રી હીરાબહેન માનભાઈ ભટ્ટ પરિવારના આર્થિક સહયોગથી યોજાયેલ તાલીમમાં બપોરે ૧૧:૩૦ થી ૧ દરમિયાન શહેરનાં શિક્ષણવિદ્ પ્રા. ડૉ. રક્ષાબહેન દવે, પ્રા. ડૉ. જયંતભાઈ વ્યાસ, પ્રા. ડૉ. છાયાબહેન પારેખ, ચેરમેન શ્રી શિક્ષણ સમિતિ શ્રી શિશિરભાઈ ત્રિવેદી, GCERT નાં પૂર્વ નિયામક ડૉ. નલિનભાઈ પંડિત, ડાયટનાં પ્રાચાર્ય શ્રી હિરેનભાઈ ભટ્ટ તેમજ ગાંધીનગરથી મહિલા અને બાળવિકાસ વિભાગનાં ઉચ્ચ અધિકારીશ્રીઓએ તાલીમ દિવસોમાં પધારી બહેનોને માર્ગદર્શન આપ્યું હતું.

નવી શિક્ષણ નીતિમાં માતૃભાષામાં પુસ્તકોના ભાર વિના ક્રિયાશીલ તાલીમને જ પ્રાધાન્ય અપાયું છે, ત્યારે શિક્ષકો અને બાળકો વચ્ચેના સમૂહ તરીકે માતા-પિતા પાસે તાલીમ હેતુ વ્યાપક રીતે પ્રસાર





પામે તેવા શુભ આશયથી તારીખ ૨ થી ૮ દરમિયાન બપોરનાં ભોજન પહેલાનાં સેશનમાં શહેરના વરિષ્ઠ પત્રકારો સર્વશ્રી જયેશભાઈ દવે, ચિરાગભાઈ ત્રિવેદી, શ્રી સુરેશભાઈ શ્રી જયેશભાઈ મકવાણા તેમજ જિલ્લા માહિતી વિભાગના નિયામક શ્રી સુનિલભાઈ પટેલ પણ વિશેષ રીતે ઉપસ્થિત રહીને ભાવનગરની બાળ કેળવણીને સમગ્ર ગુજરાત માટે વિસ્તારી હતી.

તા.૮ માર્ચ એટલે કે મહિલા દિવસે પૂર્ણ થયેલ તાલમીનાં આખરી દિવસે શહેર મહાનગરપાલિકાનાં સંકલિત મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા ક્રાફ્ટ તાલીમના ટ્રેનર શ્રી પ્રીતિબહેન તથા જીવનઉપયોગી તાલીમના ટ્રેનર શ્રી ઉષાબહેન રાઠોડ, મેદાની રમત શીખવનાર શ્રી અંકિતાબહેન ભટ્ટ, આંગણવાડી શિક્ષકોને અભિનય તથા પ્રાર્થના ગીતનાં ટ્રેનર શ્રી મનીષાબહેન કણબી અને કમલાબહેન બોરીચા તેમજ શ્રી મંદાબહેન ભટ્ટ ઉપરાંત સમગ્ર





કાર્યક્રમનાં સંયોજક શ્રી હીનાબહેન ભટ્ટનું આ પ્રસંગે પ્રમુખ મંત્રી શ્રી શિશુવિહાર સંસ્થા દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. સવિશેષ જિલ્લાના સેવાભાવી ડૉ. શ્રી કનુભાઈ કળસરિયાનાં વરદહસ્તે નગરપાલિકાનાં પ્રોગ્રામ ઑફિસર શ્રી સાવિત્રીબહેન નાથજી તથા શ્રી દિપ્તીબહેન વાગોણાનું ઉત્કૃષ્ટ મહિલા તરીકે વિશેષ અભિવાદન કરવામાં આવેલ.

શહેરનાં ગરીબ બાળકોનાં સર્વાંગીણ વિકાસ માટે એક સ્વૈચ્છિક સંસ્થા શિશુવિહાર તથા સરકારી વિભાગનાં સંકલનમાંથી મળતા સુંદર પરિણામો સમગ્ર ગુજરાત માટે પ્રેરણારૂપ બને છે, જેની નોંધ પણ વિસ્તૃત રીતે લેવાઈ છે. એટલું જ નહીં, પણ અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં પણ આંગણવાડી કાર્યક્રમ તાલીમ યોજવા નિમંત્રણ મળેલ છે.



# હોળીપર્વ અને પૂર્વ તાલીમાર્થી સ્નેહમિલન



ભાવનગર રાજવી શ્રી કૃષ્ણકુમારસિંહજીની ચોથી પેઢીનાં પ્રતિનિધિ યુવરાજ જયવીરરાજસિંહજી ગોહિલની અધ્યક્ષતામાં શિશુવિહાર ક્રીડાંગણનું ૮૩મું હોળાષ્ટકપર્વ ઉજવાયું.

તારીખ ૧૭ માર્ચ ફાગણ પૂર્ણિમા પ્રસંગે સંસ્થાનાં ૨૫૦થી વધુ પૂર્વ વિદ્યાર્થીઓની પ્રેરક ઉપસ્થિતિમાં ક્રીડાંગણ તાલીમાર્થીઓએ ડમ્બેલ્સ, લાઠી પ્રકારે ભારતીય વ્યાયામનું નિદર્શન કર્યુ હતું. સાથોસાથ સંસ્થાનાં પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવે, શિક્ષણવિદ ડૉ. નલિનભાઈ પંડિત તથા સંસ્થાના શુભેચ્છક શ્રી અપૂર્વભાઈ પારેખ દ્વારા ક્રીડાંગણમાં ૩૫૦થી વધુ દિવસ સુધી તાલીમ લેનાર ૧૦ વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવ્યું.



શિશુવિહાર સંસ્થાની પ્રથમ ટુકડીનાં વિદ્યાર્થી અને સંસ્થાના આજીવન હિતેચ્છુ સ્વ. શ્રી મહાશ્વેતાબહેન ત્રિપાઠીની પૂણ્ય સ્મૃતિમાં યુવરાજશ્રી દ્વારા સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી તથા સંવેદનશીલ શિક્ષક, તસવીરકાર શ્રી રક્ષાબહેન ભટ્ટ, રોટરી કલબ ઓફ ભાવનગરનાં મંત્રી શ્રી ગૌરવભાઈ રાઠોડ, આઈ.ટી. પ્રોફેશનલ શ્રી સંકેતભાઈ ભટ્ટ તથા નવી પેઢીને નાટ્ય અને મોટીવેશનલ પ્રવૃત્તિ સાથે જોડનાર શ્રી વિપુલભાઈ વાળાનું શ્રેષ્ઠ તાલીમાર્થી સન્માન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે યુવરાજ શ્રી જયવીરરાજસિંહે શહેરની ઐતિહાસિક ભૂમિ અને ભાવનગર રાજવી શ્રી કૃષ્ણકુમારસિંહજી દ્વારા જે હેતુ માટે સંસ્થાને જમીન આપવામાં આવી તે હેતુનું માન-સન્માન આજ દિન સુધી જાળવી રાખનાર શિશુવિહારના સંચાલકો પ્રત્યે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. તેઓશ્રીએ સરદાર વલ્લભભાઈ પટેલને ભાવનગર મહારાજા દ્વારા જે સ્થળેથી ભાવનગર રાજ્ય સોપવામાં આવ્યું હતું, તે સ્મૃતિ સ્મારકનું અવલોકન કરતા પણ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.



હોળી પ્રાગટ્ય કરતાં ભાવનગર યુવરાજ જયવીરરાજસિંહજી

ફાગણ ચંદ્રમાનો ઉજાસ પથરાતા યુવરાજશ્રીના વરદહસ્તે હોળી પ્રાગટ્ય અને સમૂહમાં લેઝિમ વ્યાયામનું નિદર્શન થયું હતું. સંસ્થા બાલમંદિરના શિક્ષકો દ્વારા ફાગણના ગીતો અને ખજૂર, ધાણી-દાળિયાના પ્રસાદ બાદ ભોજન સાથે સંપન્ન થયેલ કાર્યક્રમનું સંકલન શ્રી હરીશભાઈ ભટ્ટ, શ્રી કમલેશભાઈ વેગડ તથા શ્રી હીનાબહેન ભટ્ટ દ્વારા થયું હતું.





## 'શ્રી મહાશ્વેતાબહેન ત્રિપાઠી શ્રેષ્ઠ તાલીમાર્થી સન્માન' વર્ષ ૨૦૨૨



• **સન્માનિત શ્રી રક્ષાબહેન ભટ્ટ:** વર્ષ ૧૯૬૫ થી ૧૯૭૯ તેમ ૧૪ વર્ષ સુધી ક્રીડાંગણ અને સ્કાઉટ ગાઈડ તાલીમમાં સંનિષ્ઠ વિદ્યાર્થી તરીકે સન્માનિત શ્રી રક્ષાબહેન ભટ્ટ અંગ્રેજી વિષયમાં M.A.,B.ed. સુધી શિક્ષિત થયા. વર્ષ ૧૯૯૨-૯૩થી ભાવનગરની પ્રતિષ્ઠિત કોમર્સ શાળામાં શિક્ષક તરીકે સેવાર્થી બન્યા અને ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષા સાથે પરિચિત કર્યા છે. શિશુવિહારનાં નેત્રયજ્ઞો, ક્રીડાંગણની રમતો તેમજ સ્કાઉટ ગાઈડ તાલીમ દ્વારા જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ભાવનગરનું પ્રતિનિધિત્વ કરીને સંસ્થાનું નામ રોશન કરતા રહ્યા છે.

એક દૃષ્ટિસંપન્ન પ્રવાસી અને તસવીરકાર શ્રી રક્ષાબહેન ભટ્ટનાં ૨૨ વર્ષનાં પરિભ્રમણ થકી ભારતનાં સરહદી વિસ્તાર અને વિશેષત: આદિવાસી સંસ્કૃતિને કચકડે મઢી સંરક્ષિત કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ પ્રકૃતિથી પરિચિત બને તે માટે વિશેષ કાળજી રાખનાર શ્રી રક્ષાબહેન ભટ્ટ દ્વારા પોતાનાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી ૧૫થી વધુ પ્રવાસો ૧૦થી વધુ ટ્રેકિંગ કાર્યક્રમો ઉપરાંત ૧ પુસ્તક પ્રકાશિત કરી સામાજિક પ્રદાન કર્યુ છે.

એક જાગ્રત શિક્ષક તરીકે નવી પેઢીમાં ઉત્સાહ અને દૃષ્ટિ વિસ્તારનાર રક્ષાબહેનનો સાંસ્કૃતિક જતન માટેનો પ્રયાસ સરાહનીય છે. શિશુવિહાર સંસ્થા ક્રીડાંગણના પૂર્વ વિદ્યાર્થી 'સ્વ. મહાશ્વેતાબહેન ત્રિપાઠી સન્માન'થી શ્રી રક્ષાબહેન ભટ્ટનું સન્માન કરતા ગૌરવ અનુભવે છે.



• **શ્રી ગૌરવભાઈ રાઠોડ:** વર્ષ ૧૯૯૮ થી ૨૦૧૩ તેમ ૧૫ વર્ષ સુધી ક્રીડાંગણ અને સ્કાઉટ તાલીમમાં સંનિષ્ઠ વિદ્યાર્થી તરીકે સક્રીય રહેનાર શ્રી ગૌરવભાઈ રાઠોડે M.Com. અને M.Phil. સુધી શિક્ષણ મેળવી વર્ષ ૨૦૧૨માં યુવા રોટેરિયન તરીકે જોડાઈ સતત બે ટર્મ સુધી રોટરેક્ટ પ્રેસિડન્ટ તરીકે સેવાર્થી રહ્યા એટલું જ નહીં, પણ પોતાના વિદ્યાર્થીકાળની તાલીમોનો વૈવિધ્યપૂર્ણ ઉપયોગ કરતા ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યમાં બેસ્ટ સર્વિસ ડિરેક્ટર તરીકેનું સન્માન મેળવ્યું. સાહસિક પ્રવાસો માટે તત્પર શ્રી ગૌરવભાઈએ દાર્જિલિંગથી નેપાળ સુધી ૪૦૦૦ કિલોમીટરનો મોટરબાઈક પ્રવાસ કરી શાળાના ૫૦ હજાર બાળકોને શિક્ષણ માટે પ્રેરિત કર્યા છે. એટલું જ નહીં, પણ વર્ષ ૨૦૧૯-૨૦માં રોટરી ક્લબ દ્વારા વૉકેશનલ ઍવોર્ડથી નવાજિત થયા છે.

એક સ્કાઉટ તાલીમાર્થી તરીકે રોજ એક ભલુ કાર્ય કરવાની દીક્ષા પામેલ રોટેરિયન ગૌરવ રાઠોડ દ્વારા ભારતનાં ૧૭ રાજ્યોનાં ૮૦ શહેરોમાં ૭૦૦૦ કિલોમીટરનો મોટરબાઈક પ્રવાસ ખેડી શહિદ સ્મારક માટે રૂ.૫૦ લાખનું અનુદાન એકત્ર કરાતા વર્ષ ૨૦૨૦માં ભારતનાં રક્ષામંત્રી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ વિશિષ્ટ અભિવાદન કર્યુ છે.

'પૉલ હેરિસ ફેલો ઍવોર્ડ', 'ઈમરજિંગ રોટેરિયન ઑફ ઈયર' પ્રકારના અનેક સન્માનોથી નવાજિશ શિશુવિહાર સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી રોટરી ડિસ્ટ્રીક્ટ ૩૦૬૦માં સહુથી નાની વયે અનેકવિધ સામાજિક કામો માટે અગ્રેસર રહેવાનું ગૌરવ પ્રાપ્ત કર્યુ છે, જે સંસ્થા પરિવાર માટે આનંદદાયી બને છે. શ્રી ગૌરવભાઈનું 'મહાશ્વેતાબહેન ત્રિપાઠી સન્માન' પ્રેરણાદાઈ રહેશે.



• **શ્રી સંકેતભાઈ ભટ્ટ:** વર્ષ ૧૯૯૪ થી ૨૦૦૮ તેમ ૧૪ વર્ષ સુધી ક્રીડાંગણ અને સ્કાઉટ તાલીમમાં જોડાઈ સદ્દવિચારને જીવનમાં પચારવનાર શ્રી સંકેતભાઈ ભટ્ટે MCA નો અભ્યાસ કર્યો છે. તેમના પિતાશ્રી વિજયભાઈ માફક પોતે પણ મોટાભાઈ શોભિત સાથે શિશુવિહારના તાલીમાર્થી બની ગવર્નર સ્કાઉટ અને તે પછી પ્રેસિડન્ટ સ્કાઉટ સુધીની તાલીમ મેળવી. નવી પેઢી શિક્ષિત બને, આવડતથી સભર બને તેવા લક્ષને જીવન મધ્યે રાખનાર શ્રી સંકેતભાઈ ઘસાઈને ઉજળાં થનાર તાલીમાર્થી છે.

શિશુવિહારની વેબસાઈટથી લઈ અનેકવિધ તકનીકિ બાબતોમાં સતત માર્ગદર્શકરૂપ બનતા અને Space-O Technologies કંપનીમાં Senior iOS Developer તરીકે ઉચ્ચ હોદ્દા ઉપર સેવા આપતા શ્રી સંકેતભાઈનું 'મહાશ્વેતાબહેન ત્રિપાઠી સન્માન' સંસ્થા ક્રીડાંગણના તાલીમાર્થીઓ માટે પ્રેરણારૂપ બને છે.



• **શ્રી વિપુલભાઈ વાળા:** વર્ષ ૧૯૯૯ થી ૨૦૧૨ તેમ ૧૩ વર્ષ સુધી શિશુવિહાર ક્રીડાંગણ અને સ્કાઉટ તાલીમાર્થી રહેલ શ્રી વિપુલભાઈ વાળાએ M.Com., M.Phil. સુધી અભ્યાસ કર્યો છે. પ્રથમથી જ અભિનય ક્ષેત્રે રુચિ ધરાવતાં વિપુલભાઈ ૨૦૦૬માં ભાવનગર ગ્રુપ ઑફ ડ્રામાં સાથે જોડાયા અને સ્ટેજ પરફોર્મસની શરૂઆત કરી. ૨૦૧૧માં ગુજરાતનાં પ્રસિદ્ધ નાટયકાર નિમેષ દેસાઈના નિર્દર્શન હેઠળ સંગીત નાટય અકાદમીનો બેસ્ટ એકટરનો ખિતાબ મેળવ્યો.

વર્ષ ૨૦૧૪માં 'વિ-કેન' નામની ફિલ્મમાં મુખ્ય અભિનય આપી ભાવનગરનાં દર્શકોની ચાહના મેળવી શ્રી વિપુલભાઈ નવી પેઢી રંગમંચ પ્રત્યે આકર્ષાય તે માટે અભિનય તાલીમ આપે છે અને ૯૦૦ વિદ્યાર્થીઓ સુધી પહોંચી શક્યા છે. વર્ષ ૨૦૧૫માં સુર્યોદય કૉલેજમાં યુવા શિક્ષણ તરીકે સેવાર્થી રહ્યા તેમ યુનિવર્સિટીના નાટય વિભાગમાં પણ નિષ્ણાત સેવા આપી શિશુવિહારની તાલીમને ઉજાગર કરી છે. શિશુવિહાર ક્રીડાંગણ પોતાના પૂર્વ વિદ્યાર્થીનું 'મહાશ્વેતાબહેન ત્રિપાઠી સન્માન'થી અભિવાદન કરતા ગૌરવ અનુભવે છે.

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ

• શ્રી કિરીટભાઈ તન્ના તથા શ્રી મધુભાઈ ત્રિવેદીના સંકલનથી કરાઓકે ટ્રેક શો શિશુવિહાર રંગમંચ ઉપર ૬ માર્ચે યોજાયો. મધુર સંગીત સંધ્યા અને સુહાને નગ્મે ટાઈટલથી ગાયકોએ રજૂ કરેલ ફિલ્મી ગીતોને માણવા માટે ૧૫૦થી વધુ સંગીત સ્નેહીઓ પધાર્યા હતા.

• વિશ્વ મહિલા દિવસ પ્રસંગે દિવ્ય ભાસ્કર જૂથ દ્વારા શિશુવિહાર સંસ્થાના સહમંત્રીશ્રી ઈન્દાબહેન માનભાઈ ભટ્ટનું સેવા પદકથી અભિવાદન કરવામાં આવ્યું. ૮ માર્ચે હૉટેલ સરોવર પોર્ટિકોમાં યોજાયેલ સમારોહમાં શ્રી ઈન્દાબહેનની ૬૦ વર્ષની નિષ્કામ સેવાનું અભિવાદન ઉપસ્થિત બહેનો માટે પ્રેરણાદાઈ બની રહ્યુ હતું. ભાવનગરની ૨૫૦થી વધુ પ્રબુદ્ધ મહિલાઓની વિશેષ ઉપસ્થિતિમાં શિશુવિહારના આજીવન કાર્યકર શ્રી ઈન્દાબહેનનું સન્માન સંસ્થા પરિવાર માટે ગૌરવરૂપ બની રહ્યું. વિશ્વ મહિલા દિવસ






પ્રસંગે ઈન્દાબહેનની ખાસ મુલાકાત ઈ.ટી.વી.માં પ્રસારિત થઈ તેમ શ્રી રજનીભાઈ કનાડા પરિવાર તરફથી પણ શહેરના મેયરશ્રી ઉપસ્થિતિમાં શિવશક્તિ હૉલમાં વિશેષ સન્માન થયું હતું.



• વિનય વિહાર કેળવણી મંડળ વાળુકડ દ્વારા ૯ માર્ચે પાલિતાણા યોજાયેલ પરિવાર સ્નેહમિલનમાં શિશુવિહાર સંસ્થા દ્વારા શ્રી મંગળાબહેન નાનુભાઈ શિરોયાનું નારીશક્તિ વંદના સ્વરૂપે અભિવાદન કરવામાં આવ્યું. સંસ્થા પરિસરમાં યોજયેલ કાર્યકર સંમેલન પ્રસંગે ડૉ. નાનકભાઈ ભટ્ટે બદલાતા પરિવેશમાં સ્વૈચ્છિક સંસ્થા સંચાલનની પદ્ધતિ અંગે કાર્યકરોને લાંબાગાળાની રણનીતિ યોજવા માર્ગદર્શન અપાયું હતું.



• તારીખ ૨ થી ૮ માર્ચ દરમિયાન ભાવનગર શહેરની ૩૧૬ આંગણવાડીનાં શિક્ષકોને ૪૮ કલાક તાલીમ આપનાર બાલમંદિરના શિક્ષકો, સંસ્થા સહાયકો અને તેમના પરિવારના સદસ્યોનું સ્નેહમિલન તારીખ ૧૦ માર્ચે વિશાલા પાર્ક સ્થળે યોજવામાં આવ્યું. પરિવાર ભોજનનાં કાર્યક્રમ દ્વારા પરિવારજનોને પણ સંસ્થાના સેવાર્થીઓની સામાજિક ભૂમિકાનો અહેસાસ થયો હતો.



• સદ્કાર્ય સન્માન સમિતિ ભાવનગરના ઉપક્રમે તારીખ ૧૨ માર્ચે જિલ્લાના સેવાભાવી તબીબ ડૉ. કનુભાઈ કળસરિયાની અધ્યક્ષતામાં શહેરની ૭ સ્વૈચ્છિક સંસ્થાઓ તથા ૭ સેવાભાવી વ્યક્તિઓનું વિશિષ્ટ અભિવાદન થયું. ડૉ. નલિનભાઈ પંડિત તથા પરેશભાઈ ત્રિવેદી દ્વારા સંકલિત કાર્યક્રમમાં શિશુવિહાર બાલમંદિરનાં કાર્યકર અને સંસ્કાર કેન્દ્ર-મહાવીરનગરના સંચાલક શ્રી ઉષાબહેન રાઠોડનું સન્માન થયું. શિશુવિહારની સેવાભૂમિ ઉપર સતત ત્રીજા વરસે યોજાતા કાર્યક્રમમાં ઉપસ્થિત ૨૦૦થી વધુ પ્રબુદ્ધોને ડૉ. નાનકભાઈ ભટ્ટે આવકાર આપ્યો હતો. તેમ પ્રખર ગાંધીવાદી શ્રી વિનુભાઈ ગાંધી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિશ્રીએ સેવાર્થીઓને પ્રેરક સંબોધન કર્યુ હતુ



• નટરાજ કલા સંસ્થા પ્રેરિત કોહિનૂર સંગીત ગ્રુપનાં ગાયકોનો ૧૫મો કાર્યક્રમ 'ગાયેજા ગીત મીલન કે' તારીખ ૧૩ માર્ચે રંગમંચ પ્રસ્તુતિ પામ્યો. શ્રી કેતનભાઈ આવસત્થીની પરિકલ્પનાથી સજાવેલ ફિલ્મી ગીતોને માણવા માટે ૩૦૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી પિંકીબહેન આવસત્થીએ કર્યુ હતું.



• જૂના હિન્દી ફિલ્મોનાં ગીતોને સાંકળી એક ટ્રેક શો શ્રી કિરીટભાઈ પ્રજાપતિ દ્વારા યોજાઈ ગયો. ૧૮ માર્ચે ૧૦૦થી વધુ પ્રેક્ષકોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ 'ગાતા રહે મેરા દિલ'ની પ્રસ્તુતિ શ્રોતાઓને રસ તરબોળ કર્યા હતા



• સૂર સંગમ સંસ્થાની ૫૬મી સંગીત સંધ્યા ૨૦ માર્ચે રંગમંચ પ્રસ્તુતિ પામી શ્રી ખુશમનભાઈ જોષી અને સંગીતકાર શ્રી દેવેન્દ્રભાઈ મહેતાના અથાગ પ્રયત્નોના સાક્ષી બનવા ૩૦૦થી વધુ સુજ્ઞ શ્રોતાઓ પધાર્યા હતા.

• જાગૃતિ ઍજ્યુકેશન ટ્રસ્ટના ઉપક્રમે ૨૧ માર્ચે સવારે ૯ થી રાત્રિના ૯ સુધી વિદ્યાર્થીઓ, યુવા અને વયસ્ક બહેનો માટે સંસ્થાનાં ઍર કન્ડિશનર હૉલમાં પ્રદર્શન-વેચાણ, ફેશન-શો પ્રકારે અનેકવિધ કાર્યક્રમો યોજાયા. જેમાં ૫૦૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. બાલદેવવનનાં શીતળ માહોલમાં બહેનોએ વનભોજનનો લહાવો લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી જાગૃતિબહેન શાહ દ્વારા શિસ્તબદ્ધ રીતે થયું હતું.



• સ્ત્રી નિકેતન સંસ્થા ભાવનગરનાં ઉપક્રમે ૨૬ માર્ચે સંસ્થા રંગમંચ ઉપર સંસ્થાની બહેનો દ્વારા રંગારંગ કાર્યક્રમ પ્રસ્તુત થયો. શ્રી ચારુબહેન વ્યાસના સંકલન સાથે યોજાયેલ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ બહેનોએ ઉમળકાભેર ભાગ લીધો હતો અને સશક્તનારી તરીકેના સ્વાયત્ત અસ્તિત્વનો વિચાર રજૂ કર્યો હતો.



• શ્રી પ્રમોદભાઈ વોરાના પ્રયત્નથી વ્યવસાયી બહેનો માટે ૮૯મો સાયકલ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો. શહેરના વરિષ્ઠ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ શ્રી આયુષબહેન સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં જરૂરિયાતમંદ અને આત્મનિર્ભર થવા માટે ઉત્સુક ૨૦ બહેનોને સાધન સહાય તરીકે સાયકલનું વિતરણ કરાયું હતું.




• નટરાજ કલા સંસ્થા દ્વારા શહેરનો અત્યંત લોકપ્રિય સંગીત કાર્યક્રમ 'એક શામ આપકે નામ' તારીખ ૨૭ માર્ચે રંગમંચ પ્રસ્તુતિ પામ્યો. શ્રી કેતનભાઈ આવસત્થીની પરિકલ્પના સાથે રજૂ થયેલ હિન્દી ફિલ્મોના અનમોલ નગ્મે માણવા માટે ૩૫૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.

• નવી શિક્ષણ નીતિમાં દાખલ કરાયેલ કૌશલ્ય તાલીમ અંગેના શિશુવિહાર સંસ્થાનાં ૮૩ વર્ષના પરિણામોની ચર્ચા કરવા એક ઈન્ટરવ્યુ ગુજરાતી-ઈ.ટીવી ચેનલ ઉપર યોજાઈ ગયો. ૨૭ માર્ચે રજૂ થયેલ ચર્ચામાં સંસ્થાનાં મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે શિશુવિહાર તાલીમની ઉપયોગિતા વિશે દર્શકોને વિગતો આપી હતી.



• તા.૨૬ થી તા.૨૮ માર્ચ દરમિયાન કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (અવાણિયા, તા. ઘોઘા)ની ગર્લ્સ હોસ્ટેલની ૪૭ બહેનોને શ્રી હરેશભાઈ ભટ્ટ દ્વારા ૧૯૬મી ડિઝાસ્ટર તાલીમ આપવામાં આવી.

• પરમ પૂજ્ય મુક્તાનંદબાપુ પ્રેરિત આનંદધારા પ્રોજેક્ટ અંતર્ગત જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાની ૪૫ આંગણવાડીના ૧૪૦ બહેનોને તારીખ ૨૯ માર્ચે શિશુવિહાર સંસ્થાના કાર્યકર શ્રી પ્રીતિબહેન ભટ્ટ તથા શ્રી અંકિતાબહેન ભટ્ટ દ્વારા બ્રહ્માનંદ વિદ્યાધામના પ્રાર્થના હૉલમાં 'આંગણવાડી સંચાલન અને બાળશિક્ષણ' વિષયે એક દિવસીય તાલીમ આપવામાં







આવી. શ્રી અર્જૂનસિંહ રાઠોડ, ડાયરેક્ટ ડૉ. નલિનભાઈ પંડિત, નિયામકશ્રી કમલેશભાઈ ધાંધલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ બાલવાડી તાલીમનું સંકલન શિશુવિહાર સંસ્થાના કો-ઓર્ડિનેટર શ્રી હીનાબહેન ભટ્ટ દ્વારા થયું. ગામડાંના ગરીબ બાળકો પણ આયોજનબદ્ધ રીતે બાળ શિક્ષણ મેળવે તે દિશાના પ્રયત્નને સમગ્ર ગુજરાતમાં આવકાર મળી રહ્યો છે જે પ્રેરણાદાઈ બને છે.

## અભિનંદન






સહજાનંદ કૉલેજ ઑફ આર્ટ્સનાં ઈતિહાસ વિભાગનાં પ્રાધ્યાપિકા શ્રી કોમલબહેન જાંબુચાએ **'શિશુવિહાર સંસ્થાની સ્થાપના, વિકાસ અને પ્રભાવ: ઐતિહાસિક અધ્યયન'** વિષયે પોતાનો લઘુશોધ નિબંધ રજૂ કરી મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટીમાંથી એમ.ફીલની પદવી ગ્રહણ કરી છે. શિશુવિહારનાં શૈક્ષણિક અને સેવાકીય પ્રદાન વિષયે સંશોધન કરનાર પ્રાધ્યાપક શ્રી કોમલબહેન જાંબુચાને અભિનંદન

## આરોગ્ય

## ૪૩૪ તથા ૪૩૫મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:





શ્રી ગીતાબહેન હરેશભાઈ ડેલીવાલાના સૌજન્યથી શિશુવિહાર સંસ્થામાં ૪૩૪મો નેત્રયજ્ઞ તેમજ શ્રી હિંમતભાઈ ઠક્કરનાં સૌજન્યથી ૪૩૫મો નેત્રયજ્ઞ તારીખ ૨૫ માર્ચે શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિયંત્રણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૧૩૬ દરદીઓની આંખ તપાસ વીરનગરના ડૉ. પટેલ સાહેબની ટીમ દ્વારા કરવામાં આવી. લાભાન્વિત દરદીઓને શિશુવિહાર પરિસરમાં 'ડૉ. શ્રીમતી મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા' ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૪૨ દરદીઓને બે તબક્કે એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

દરદી દેવો ભવ:ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

## વયસ્કો માટે ૩૨૮મી દૃષ્ટિચકાસણી શિબિર:

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી શિશુવિહાર ફિઝિયોથેરાપી સેન્ટરમાં ફેબ્રુઆરી માસમાં ૧૮ વયસ્કોને આંખ તપાસ બાદ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.




સંચાલક: શ્રી મીનાબહેન મકવાણા



## સુમીટોમો કેમિકલ્સ પ્રા. લિમિટેડનાં સૌજન્યથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં દષ્ટિ ચકાસણી અને ચશ્માં વિતરણ કાર્યક્રમ

| શિબિર ક્રમાંક | માર્ચ તારીખ | શાળા નંબર અને વિસ્તાર | દૃષ્ટિ ચકાસણી સંખ્યા | ચશ્માં વિતરણ સંખ્યા |
|---|---|---|---|---|
| ૭૭૩ | ૨ | ૬૭ શિવાજી સર્કલ | ૪૮ | ૨૧ |
| ૭૭૪ | ૨ | ૬૮ ઘોઘા રોડ | ૫૧ | ૨૮ |
| ૭૭૫ | ૧૪ | ૬૯ સરદારનગર | ૪૫ | ૨૪ |
| ૭૭૬ | ૧૪ | ૭૩ સરદારનગર | ૫૨ | ૨૧ |
| ૭૭૭ | ૧૫ | ૭૨ ભરતનગર | ૪૭ | ૨૩ |
| ૭૭૮ | ૧૫ | ૭૬ ભરતનગર | ૫૮ | ૨૫ |
| ૭૭૯ | ૧૬ | ૫૮ વિઠ્ઠલવાડી | ૪૨ | ૨૦ |
| ૭૮૦ | ૧૬ | ૬૦ શાસ્ત્રીનગર | ૪૯ | ૨૪ |
| ૭૮૧ | ૧૭ | ૫૯ શાસ્ત્રીનગર | ૪૩ | ૧૭ |
| ૭૮૨ | ૧૭ | ૭૦ સરદારનગર | ૩૮ | ૧૫ |
| ૭૮૩ | ૨૧ | ૩૮ પાનવાડી | ૨૭ | ૧૧ |
| ૭૮૪ | ૨૧ | ૪૦ નિર્મળનગર | ૨૩ | ૦૭ |
| ૭૮૫ | ૨૨ | ૪૨ ચાવડીગેટ | ૪૯ | ૨૩ |
| ૭૮૬ | ૨૨ | ૪૮ મીલની ચાલી | ૩૪ | ૧૩ |
| ૭૮૭ | ૨૩ | ૧૩ ખેડૂતવાસ | ૪૮ | ૧૫ |
| ૭૮૮ | ૨૩ | ૪૪ વડવા | ૫૭ | ૨૪ |
| ૭૮૯ | ૨૪ | ૬૩ હાદાનગર | ૭૧ | ૩૨ |
| ૭૯૦ | ૨૪ | ૫૦ નારી રોડ | ૫૪ | ૨૦ |
| ૭૯૧ | ૨૮ | ૮૦ વિદ્યાનગર | ૪૨ | ૧૭ |
| ૭૯૨ | ૨૯ | ૬૫ બોરતળાવ | ૭૩ | ૪૦ |
| ૭૯૩ | ૨૯ | ૬૬ બોરતળાવ | ૫૨ | ૨૪ |
| ૭૯૪ | ૩૦ | ૫૧ નારી રોડ | ૫૮ | ૨૬ |
| ૭૯૫ | ૩૦ | ૪૯ અક્ષરપાર્ક | ૧૦૩ | ૬૪ |
| | | એકંદર | ૧૧૬૪ | ૫૩૪ |





સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

### ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટરઃ

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાઓની સારવાર આપવામાં આવે છે. ડૉ. ભાવિકાબહેન હરિયાણી તથા ડૉ. શ્રદ્ધાબહેન ધામેલિયાનાં કન્સલ્ટેશન હેઠળ માર્ચ માસમાં ૪૨૭ દરદીઓએ સારવાર લીધી હતી. તેમ જ ફિટનેસ સેન્ટરમાં ૧૮ બહેનો આવ્યા હતા.

સંચાલકઃ શ્રી કૃપાબહેન ઓઝા

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરઃ

ફેબ્રુઆરી માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવારે સાંજના ૪ થી ૬ દરમિયાન ઍલોપૅથીની સારવારનો લાભ ૭૪૦ દરદીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દરદીઓને નિ:શુલ્ક દવા આપવામાં આવેલ.

સંચાલકઃ ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

## બાળ શિક્ષણ

### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરઃ

કોરોના મહામારીની સ્થિતિ સામાન્ય થતા બાલમંદિર તાલીમ યથાવત થઈ રહી છે. માર્ચ માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં ૩૦ બાળકોની સંખ્યા રહી. તેઓને અંગ સ્વચ્છતા, સમૂહ રમતો, વિવિધ શાકભાજીની ગોઠવણી પ્રકારે જીવનલક્ષી તાલીમ સાથે જોડવામાં આવ્યા હતા.

માસ દરમિયાન શ્રી બિંદુબહેન વકીલ, વિભાકરભાઈ મહેતા, વસંતભાઈ ફળિયા તેમજ ડૉ. દેવીન્દ્રાબહેન શાહ, ડૉ. વસંતભાઈ પટેલ દ્વારા બાળકોને ભોજન આપવામાં આવેલ. ઉપરાંત ૧૩ દાતાઓ દ્વારા પોષક આહાર આપવામાં આવેલ. માસ દરમિયાન સંસ્થાના કાર્યકર શ્રી ઉષાબહેન રાઠોડ, શ્રી બિપીનભાઈ વોરા તેમજ ૧૦ બાળકોનાં જન્મદિવસની ઉજવણી થઈ હતી.







તારીખ ૨૬એ બાળકો માટે રાત્રી રોકાણનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો. બાળકો પોતાના મા-બાપ વિના ઘરની બહાર રહી સ્વતંત્ર વ્યક્તિત્વનો અહેસાસ કરતા થાય તે માટેની તાલીમ તરીકે ૨૫ બાળકોને તેના વાલીઓ સાંજના ૭ વાગે બાલમંદિરમાં મૂકી ગયા હતા. બાળકોએ વિમાન અને ટ્રેનની રાઈડ તેમજ ભાવનગરી સોડા પીને શિક્ષકો સાથે આનંદ કર્યો હતો. રાત્રી વાર્તા, પ્રાર્થના અને શયન બાદ બાળકોએ વહેલી સવારે ચા-નાસ્તો લઈ વાલી સાથે પોતાના ઘરે પરત પહોંચ્યા હતા.

સંચાલકઃ શ્રી અંકિતાબહેન ભટ્ટ, ઉષાબહેન રાઠોડ

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ

માર્ચ માસ દરમિયાન નિયમિત રીતે આવતા તાલીમાર્થીઓની સંખ્યા ૪૦ રહી હતી. માસ દરમિયાન બેઝ બૉલ, ડમ્બેલ્સ ચોર, ઈંટ્ટી કીટ્ટી પ્રકારે સામૂહિક રમતો રમાડવામાં આવી હતી. સાંય પ્રાર્થના સમયે બાળકોએ ટુકડીમાં રહી પ્રાર્થના, ધૂન, સમૂહગીત, હર્ષનાદો કર્યા હતા, તેમ જ યશભાઈનો જન્મદિવસ પ્રસાદ-સ્મૃતિભેટ સાથે ઉજવાયો.

માર્ચ માસમાં શ્રી શોભનાબહેન બક્ષી તરફથી બાળકોને ત્રણ વખત પોષક આહાર આપવામાં આવેલ. તેમજ પ્રફુલકુમાર સૂચકની સ્મૃતિમાં બાળકોને ભોજન આપવામાં આવેલ.

ભાવનગરના યુવરાજશ્રી જયવીરરાજસિંહ ગોહિલની ઉપસ્થિતિમાં સંસ્થા પ્રાંગણમાં હોળી ઉત્સવ ઉજવાયો. સંસ્થાના ભૂતપૂર્વ ચાર વિદ્યાર્થીનું સન્માન કરવામાં આવ્યું તેમજ નિયમિત રીતે આવતા ૧૦ ક્રીડાંગણ તાલીમાર્થી સર્વશ્રી પાર્થ બારૈયા, વિરેન રાઠોડ, મહાવીર બારૈયા, રોનક રાઠોડ, અર્જૂન પરાડકર, મયંક બારૈયા, અનંત ઠાકોર, મોહિત સોલંકી, હર્ષ ચુડાસમા, રાહુલ સોલંકીને પુરસ્કૃત કરવામાં આવ્યાં. તાલીમાર્થીઓએ ડમ્બેલ્સ, લેઝિમ, લાઠીનું નિદર્શન કરીને હોળી ઉત્સવ માણ્યો હતો, તેમ જ તમામ તાલીમાર્થીઓએ પોતાના વાલી સાથે ભોજનનો આનંદ લીધો હતો.



તારીખ ૩૧ માર્ચે ૨૪ કલાક જરૂરિયાતમંદોને સેવા આપતી ૧૦૮ (એમ્બ્યુલન્સ) સેવા વિષયે ક્રીડાંગણના તાલીમાર્થીને પ્રાથમિક માહિતી આપવામાં આવેલ.

સંચાલક :શ્રી કમલેશભાઈ વેગડ



### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સહકારથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. યુઝ ઍન્ડ થ્રો કપમાં આપવામાં આવતાં અને શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ૮૦૯ નાગરિકોએ લીધેલો.

– સંચાલક: શ્રી પોપટભાઈ વેગડ



### દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માર્ચ માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

– શ્રી ઈન્દાબહેન ભટ્ટ



### મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. માર્ચ માસ દરમિયાન ૮ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ



ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

### જ્યોતિ મહિલા મંડળ સીવણ તાલીમ:

માર્ચ માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૧૦ રહી હતી. તેઓ તા.૨૭ માર્ચે ઘોઘા પ્રવાસે ગયાં હતાં. સંસ્થા તરફથી નાસ્તો આપવામાં આવેલ.

સંચાલક: શ્રી ગુલાબબા ગોહિલ



### તાલીમ:

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૧૧ માર્ચે યોજાયેલ, જેમાં માસ દરમિયાનના નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તેમજ એપ્રિલ માસના સંસ્થાગત કાર્યો અંગે સંવાહકો સાથે ચર્ચા કરવામાં આવેલ, તેમજ સંસ્થાના નિવાસી કાર્યકરોની બેઠક તારીખ ૧૪ માર્ચે યોજાઈ હતી, જેમાં સહુની વ્યક્તિગત જવાબદારી અંગે વિશેષ સ્પષ્ટતા કરાઈ.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ



## સ્વ-રોજગાર સહાય



### સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત બે શ્રમિક બહેનો દ્વારા માર્ચ માસમાં ૨૮૦ કાપડની થેલી તૈયાર થતાં રૂ.૧૧૨૦/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૭૦,૦૩૮ કાપડની થેલીઓ** જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે. શ્રી કિશોરભાઈ જોધવાણી તરફથી થેલી બનાવવા માટે સેમ્પલ કાપડની ૯ ગાંસડી મળેલ છે. સંસ્થા દાતાશ્રીઓનો આભાર માને છે.

'સ્વાતંત્ર્ય અમૃત મહોત્સવ' વર્ષ પ્રસંગે શ્રમિક બહેનોને રોજગાર આપવા સાથે પર્યાવરણ સંરક્ષણ હેતુને બળવત્તર બનાવવા સંસ્થા દ્વારા ૧ લાખ ૭૫ હજાર કાપડની થેલી તૈયાર કરવાનાં અભિયાનમાં નાગરિકોને સહકાર આપવા વિનંતી.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ



### સંગીત વર્ગ:

માર્ચ માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક:શ્રી દેવુભાઈ મહેતા



### માંદગી સાધનસહાય:

માંદગીવશ ટૂંકા સમય માટે દરદીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૧૫ થી ૩૧ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. માર્ચ માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૫ દર્દીઓએ લાભ લીધો હતો.

સંચાલક: શ્રી અનિલભાઈ જોશી



### બાલદેવ વન:

માર્ચ માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં ૪૦૧ બાળકો પોતાના વાલી સાથે રમવા આવ્યાં હતાં. માર્ચ માસ દરમિયાન શ્રી નાની માજીરાજ પ્રા.શાળા નં.૩૩ના ૫૦, ભુતારુગ્નાથ પ્રા.શાળા નં.૧૨ના ૨૯૦, કલરવ ભૂલકાં ઘરના ૬૧, કિડ્સ વર્લ્ડ પ્લે હાઉસના ૬૧ તેમ ૪૦૧ બાળકોએ મુક્ત મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

## સંસ્કાર સાહિત્ય પ્રકાશન

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજન: રાજા રામમોહન રૉય ફાઉન્ડેશન

માર્ચ માસમાં ૨૩ વાચક સભ્યોએ ૩૦ પુસ્તકો વાચ્યાં હતાં. **સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

નિજદોષ દર્શનથી નિર્દોષ, વતનથી દૂર ઘર મારું, સ્વયમ્ દશાબ્દી, સ્વામી વિવેકાનંદ ગુજરાત, જીવન ગરિમાના સંવાહક, ગુલમહોર, આપણે રસ્તે (શ્રી યોગેશભાઈ રવાણી), કુમાર સામયિકની ફાઈલો-પુસ્તકો (કુસુબહેન મુકુંદભાઈ ગાંધી) ૧૪ પુસ્તકો (શ્રી મીનાબહેન બોળિયા), ૧૫ પુસ્તકો (શ્રી સુરેશભાઈ ભટ્ટ), પુસ્તકો-મેગેઝિન (યશુબહેન ગોહિલ)

સંચાલક :શ્રી દીપાબહેન જોષી

### બુધસભા:

૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભામાં તા. ૨ માર્ચે ૨૧૭૦મી બેઠક યોજાઈ. કાવ્ય આસ્વાદ અંતર્ગત શ્રી ધર્મેશભાઈ મહેતા દ્વારા ગંગાસતીના ભજનોનો આસ્વાદ થયો. ગંગાસતી સંત છે. વચનવિવેકનું માર્મિક શિક્ષણ પાનબાઈને અને પાનબાઈ નિમિત્તે સૌ સમાજ ને આપે છે. તે આધ્યાત્મિક રસાસ્વાદ થયો. સંચાલન શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદીનું રહ્યું. ૨૧૭૧મી બેઠકમાં અવસર અભિવ્યકિત અંતર્ગત આઝાદી અમૃત મહોત્સવ, ગૌરવગાન વ્યકત કરતી રચનાઓ શ્રી કૃપાબહેન ઓઝા દ્વારા પ્રસ્તુત થઈ હતી. શ્રી હર્ષાબહેન ચૌહાણનું સંચાલન રહ્યું. ૨૧૭૨મી બેઠક ૧૬ માર્ચે મહેમાન કવિ વકતવ્ય ઉપક્રમ અંતર્ગત શ્રી મહેશભાઈ દાફડા દ્વારા મહિલા સશકિતકરણ, સ્ત્રી સ્વાભિમાન, શૌર્ય અને સર્વલક્ષી, ક્ષેત્રે મહિલાઓની ભૂમિકા પ્રસ્તુતા અને અસરકારકતા વિષયે વકતવ્ય આપવામાં આવ્યું. માસના ચોથા બુધવારે ૨૧૭૩મી બેઠકમાં કવિ વિશેષ ઉપક્રમ યોજાયો. બુધસભાના વરિષ્ઠ કવયિત્રી પ્રફુલ્લાબહેન વોરાના જીવનકવન વિષયે શ્રી મહેશ્વરીબહેન મહેતા દ્વારા કવિના કરુણ છતાં પ્રેરક આ લોકની પાર જઈ ક્ષણભર એ અફાટ જીવન સાગરની ઝાંખી કરી તેમના કાવ્યોને વાચા આપી સ્મરણાંજલિ અર્પી હતી. કવિશ્રી જયેશભાઈ ભટ્ટના સંચાલન થકી યોજાઈ હતી. તાજેતરમાં ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર કવિ શ્રી હરીશ મહુવાકર તેમની પ્રતિભાઓને વંદન સહ શ્રદ્ધાંજલિ અર્પી શબ્દદેહે કવિ અમરત્વ પામે છે તે વિષયે માર્મિક ચર્ચાઓ થઈ. માસના ચારેય બુધવાર મળી કુલ ૬૪ રચના સાથે ૮૩ કવિઓની હાજરી રહી, અનેક સાહિત્યિક કાર્યક્રમ સહીત મહાનુભાવોના આગમન સાથે બુધસભા રસપ્રચુર રહી હતી.






તા.૩૦ માર્ચે વિશ્વ રંગમંચ અંતર્ગત બુધસભાનો વિશિષ્ટ ઉપક્રમ યોજાયો. બુધસભાની ૨૧૭૪ની બેઠકમાં વિશ્વ રંગમંચ અંતર્ગત અતિથિ વિશેષ કવિ શ્રી દાન વાઘેલા તથા ડૉ. પથિક પરમારના અધ્યક્ષ સ્થાનેથી મુશાયરો યોજાયો. સંચાલન શ્રી જયેશભાઈ ભટ્ટ દ્વારા થયું. આ પ્રસંગે ૧૬ કવિ-કવયિત્રીઓએ રચના પઠન કર્યુ હતું.

સંચાલક: શ્રી કૃપાબહેન ઓઝા

## પ્રચાર-પ્રસાર




### માર્ચ માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી અજયકુમાર રાવલ-ગાંધીનગર, શ્રી શીલાબહેન મહેતા-અમરેલી, શ્રી પ્રણવભાઈ પંડયા-અમરેલી, શ્રી જીતુભાઈ પૂરોહિત-કેશોદ, શ્રી અશોકગીરી ગોસ્વામી-ત્રાંબક, શ્રી મહેશભાઈ પ્રજાપતિ-બદલાપુર, શ્રી શિલ્પાબહેન પટ્ટણી- ભાવનગર, શ્રી જાગૃત્તિબહેન રાજ્યગુરુ-રાજુલા, શ્રી વંદનાબહેન પંડયા-ભાવનગર

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ૩૨૦ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૧૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

માર્ચ માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૧૧૧૪ અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૪૧૫ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા

## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •
## સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 150000.00 | શ્રી પ્રફુલભાઈ લાલચંદ શાહ | શૈક્ષણિક સહાય |
| 75000.00 | શ્રી દવે પરિવાર USA<br>હ. શ્રી રાજેન્દ્રકુમાર આર. દવે | સર્વાંગી સહાય |
| 54000.00 | શ્રી પોપટલાલ ભચુભાઈ નંદુ ચે. ટ્રસ્ટ | પ્રકાશન સહાય |
| 40000.00 | શ્રી કાળીદાસ માધવજી વળિયા | મહિલા ઉત્કર્ષ |
| 25000.00 | શ્રી સૂર્યાબહેન પરમાનંદ શાહ | સર્વાંગી સહાય |
| 25000.00 | શ્રી રમેશચંદ્ર નર્મદાશંકર પંડ્યા | કન્યા કેળવણી |
| 21000.00 | શ્રી ભૂરખિયા ચેરિટેબલ ટ્રસ્ટ | શૈક્ષણિક સહાય |
| 20055.00 | શ્રી ચંદ્રવદનભાઈ એસ. શાહ | સર્વાંગી સહાય |
| 20000.00 | શ્રી ભાવનાબહેન જાગ્રતભાઈ ભટ્ટ | નેત્રયજ્ઞ |
| 16151.00 | શ્રી દવે પરિવાર USA<br>હ. શ્રી રાજેન્દ્રકુમાર આર. દવે | સ્કાઉટ એક્ટિવીટી |
| 15000.00 | શ્રી ધનંજય ટ્રસ્ટ હ. દોલતભાઈ કાણકિયા | કન્યા કેળવણી |
| 15000.00 | શ્રી કાંતાબહેન ડી.અમલાણી | બાલદેવવન |
| 12000.00 | ડૉ. નાનકભાઈ ભટ્ટ | સર્વાંગી સહાય |
| 11111.00 | શ્રી મગનભાઈ ગોવિંદભાઈ પટેલ | કન્યા કેળવણી |
| 11000.00 | શ્રી ચંદ્રકાંત દોશી | બાલદેવવન સહાય |
| 10000.00 | શ્રી ભાવનાબહેન જાગૃતભાઈ ભટ્ટ | કન્યા કેળવણી |
| 10000.00 | ડૉ.રુચિતા જશવંતરાય શાહ | બાલદેવવન સહાય |
| 9500.00 | શ્રી નાથુભાઈ પ્રજાપતિ | શૈક્ષણિક સહાય |
| 7000.00 | શ્રી શારદાબહેન હર્ષદભાઈ પંડ્યા | સર્વાંગી સહાય |
| 5000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચે. ટ્રસ્ટ | દૃષ્ટિ ચકાસણી |
| 5000.00 | શ્રી જ્યોતિબહેન એચ. ત્રિવેદી | પ્રકાશન સહાય |
| 5000.00 | શ્રી દૂધીબહેન દેવચંદ મહેતા ચે. ટ્રસ્ટ | શૈક્ષણિક સહાય |
| 5000.00 | શ્રી સુધર્મા ટ્રસ્ટ | સર્વાંગી સહાય |
| 5000.00 | શ્રી અપૂર્વભાઈ અરવિંદભાઈ પારેખ | સર્વાંગી સહાય |
| 5000.00 | શ્રી દેવેશભાઈ જોષીપૂરા | કન્યા કેળવણી |
| 5000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ | દૃષ્ટિ ચકાસણી |
| 3000.00 | શ્રી નિરવભાઈ શાહ | પ્રકાશન સહાય |



## શુભેચ્છકો લખે છે

**• શ્રી રક્ષાબહેન ભટ્ટ (શિક્ષક-બી.એમ.કોમર્સ સ્કૂલ, ભાવનગર)**

હોળીપર્વ પ્રસંગે ભાવનગરના યુવરાજશ્રી જયવીરરાજસિંહની અધ્યક્ષતામાં મારું અભિવાદન કરવામાં આવ્યું. બાલમંદિરથી શરૂ કરી અને આજ દિવસ સુધી હું શિશુવિહાર સંસ્થામાં અને ખાસ કરીને પૂજ્ય માનભાઈ ભટ્ટના પરિવાર અને ગુરુજનો દ્વારા પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કેળવાતી રહી છું. સ્વચ્છતા, સુશોભન, શિસ્ત, સમયપાલન, નિષ્ઠા પ્રકારે મૂલ્યવાન સદ્‌ગુણો ઉપરાંત પ્રવાસો, હાઈકિંગ, ગીતો-નૃત્યો, નાટકો તેની રજૂઆતો અને સંચાલનો સુદ્ધા મારી માતૃ સંસ્થાએ મને શીખવ્યા. એ જીવનલક્ષી કેળવણીએ મને એક એવી શિક્ષક બનાવી જેણે પોતાના વિદ્યાર્થીઓને પર્યાવરણ, પ્રવાસો, પ્રદર્શનો, કાવ્યપઠન, પક્ષી અવલોકન જંગલ વૉક અને દૃશ્ય-શ્રાવ્ય કલાઓ તરફ વાળી. શિશુવિહાર સંસ્થાએ મારાંમાં જે સપનાંઓનાં વાવેતર કર્યાં હતાં. તે મેં મારા તેત્રીસ વર્ષના શિક્ષક તરીકેનાં કાર્યકાળમાં મારાં વિદ્યાર્થીઓમાં પણ રોપવા પ્રયત્ન કર્યો. આ પ્રયત્નને લીધે આજે મારી મા, માતૃભૂમિ અને માતૃસંસ્થા દ્વારા મેં કેળવેલા નિર્ભય, નીડર, નિષ્ઠાવાન ઈજનેરો, દાક્તરો, ખબરપત્રીઓ, શિક્ષકો, પ્રાધ્યાપકો, ગાયકો-કલાકારોની એક આખી ફોજથી ગૌરવ અનુભવે છે. શિશુવિહારે આપેલા સંસ્કારો અને કેળવણીના આ સોનેરી રોકાણનું આનાથી વિશેષ ફળદાયી વ્યાજ શું હોઈ શકે! આજે આ અભિવાદન સાથે ફરી આ આખી રચનાત્મક અને સર્જનાત્મક સાંકળના એક-એક મણકાંમાં ઉત્સાહ ને સંતોષનું ઑઈલ પુરાયું છે જે મારા નિવૃત્તિકાળમાં પણ જીવંત રાખશે.

**• શ્રી વિપુલભાઈ વાળા**

શિશુવિહાર સંસ્થામાં હોળી પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે ભાવનગરના યુવરાજશ્રી જયવીરરાજસિંહજી દ્વારા સન્માનિત થવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું. શિશુવિહાર સંસ્થામાં નાનેથી મોટા થયા, તાલીમ લીધી અને સમાજને ઉપયોગી થઈ શકીએ એવા લાયક બન્યા. શ્રી હરેશભાઈ ભટ્ટ જેમણે હંમેશા મારાં પર વિશ્વાસ રાખી મને આગળ વધવા પ્રેરણા આપી છે. શ્રી ઈન્દાબહેન ભટ્ટ જેમણે વ્યક્તિત્વ અને કામ પ્રત્યેની નિષ્ઠાનાં પાઠ ભણાવ્યાં અને શ્રી નાનકભાઈ ભટ્ટ જેમણે શોખ પ્રત્યે જિજ્ઞાસા જગાડી. શિશુવિહાર સંસ્થાનાં કાર્યકરો વિશેષ મંગળામાસીનાં હાથનો પૌષ્ટિક આહાર આજે મોંઘા રેસ્ટોરન્ટમાં પણ ના મળે. જેમની સાથે તાલીમ લીધી છે તે અમારા સ્કાઉટ મિત્રોને ક્યારેક લલકાર્યા તો ક્યારેક પડકાર્યા પણ તોય

ભાઈબંધી અંકબંધ. હું શિશુવિહાર ક્રીડાંગણનો આભારી નહીં પણ ઋણી રહીશ જરૂર પડે ત્યારે સાદ કરજો હું હાજર હોઈશ. શિશુવિહાર સંસ્થાનાં સ્કાઉટ હોવાનું મને અને મારા પરિવારને ગર્વ છે. જય હિન્દ.

**• શ્રી ગૌરવભાઈ રાઠોડ**

૮ વર્ષનો હતો. ત્યારથી લઈ આજ સુધી જે કંઈ છું, જે કંઈ સંસ્કાર મળ્યા છે એ પૂજ્ય માનભાઈ, શિશુવિહાર સંસ્થા અને મારા ગુરુ હરેશભાઈ પાસેથી જ. તેઓની ઝીણવટ ભરી શીખામણ મને આગળ લઈ ગઈ છે. આજે હું જે કંઈ છું આ સંસ્થા થકી છું એનું મને ગર્વ છે. સદાય શિશુવિહાર સ્કાઉટનો વિદ્યાર્થી જ રહેવાનો છું અને શીખતો જ રહીશ. આ સન્માન હજુ વધુ જવાબદારી સાથે સામાજિક સેવા પ્રત્યે જવાબદાર બનાવે છે. વધુ ને વધુ લોકોને મદદગાર બનવાનું સૂચન કરે છે. શિશુવિહાર ક્રીડાંગણ દ્વારા મારા સદ્કાર્યના અભિવાદન માટે આભાર અને નમન.

**• શ્રી સંકેતભાઈ ભટ્ટ**

હોળી પર્વ પ્રસંગે મારી માતૃસંસ્થા શિશુવિહાર દ્વારા ભાવનગરના યુવરાજ શ્રી જયવીરરાજસિંહજીની અધ્યક્ષતામાં મારું અભિવાદન કરવામાં આવ્યું. શિશુવિહાર વિશે વાત કરવી હોય ત્યારે શબ્દો ઓછા પડે એ સ્વાભાવિક છે અને એમાં પણ મને તો બાલમંદિરથી માંડીને સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ સુધી સાથે જોડાવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. સંસ્થાની માટીએ જ મારું ઘડતર કર્યુ છે અને સંસ્થાનાં મૂલ્યો, સિદ્ધાંતો તેમજ કાર્યશૈલીથી મારી કેળવણી થઈ છે. 'ઘસાઈને ઉજળા થઈએ' આ સૂત્ર પણ સંસ્થાની જ દેન છે. સંસ્થાનું વાતાવરણ મને અત્યંત પ્રિય છે, માનસિક શાંતિ આપનારું છે. સંસ્થાએ કરેલા ઘડતરે જીવનનાં દરેક તબક્કે મને હિંમત આપી છે. નાનપણમાં પૂજ્ય માનભાઈને કામ કરતા જોયેલા. એમની ઊર્જા અતુલનીય હતી. આદરણીય શ્રી ઈન્દાબહેનનું પણ સતત માર્ગદર્શન મળતું રહ્યું છે. સ્કાઉટ પ્રવૃત્તિમાં માનનીય હરેશભાઈ પિતા સમાન રહ્યા છે. એમણે આપેલા આદર્શો હવે સમયની સાથે સમજાય છે અને એ આદર્શો પર ટકી રહેવાની કોશિશ સતત રહે છે. મારા ઘડતરમાં સ્કાઉટ પ્રવૃત્તિનો અમૂલ્ય ફાળો છે. મને શિશુવિહારમાં નાનપણમાં સૌ પ્રથમ વાર લાવનાર મારા મોટાબા સ્વ. પુષ્પાબહેન ભટ્ટનો પણ આભાર વ્યક્ત કરું છું. શિશુવિહાર સંસ્થા પ્રત્યેનું ઋણ ચૂકવવું શક્ય નથી. ઈશ્વર મને સામાજિક ઉત્તરદાઈત્વ નીભાવવાની શક્તિ આપે એ જ પ્રાર્થના. અંતમાં કહીશ,

શિશુવિહાર જિંદગીનું સ્વપ્ન અમ શિશુવિહાર,
એને અમ પ્રણામ નિત્ય એને અમ હૃદયનો પ્યાર.

**• શ્રી નલીનભાઈ પંડિત (નિયામક GCERT, ગાંધીનગર)**

હોલિકા એ દૂર્બુદ્ધિના દહનનું પ્રતીક છે. શિશુવિહાર પ્રાંગણમાં ૮૩ વર્ષથી યોજાતી સર્જનશીલ કર્મની પૂજાને અંતઃકરણથી આવકારું છું. સ્કાઉટ વિદ્યાર્થીઓનો ભારતીય વ્યાયામ અને ક્રીડાંગણ તાલીમને સમાજ માટે ખપમાં લાવનારનું સન્માન સલામને પાત્ર છે.

**• શ્રી કુસુમબહેન દવે (કોર્નલ-ઈથાકા, ન્યુયોર્ક)**

હોળીપર્વના વિઝ્યુઅલ્સ જોવાની મજા આવી. અમારું બચપણ જીવંત થઈ ગયું. શિશુવિહાર જેવું શિસ્તબદ્ધ સુઘડ હોળી પ્રાગટ્ય ભાગ્યે જ દેશમાં ક્યાંક યોજાતું હશે. ક્રીડાંગણ-સ્કાઉટના વિદ્યાર્થીઓને મારા ધન્યવાદ.

**• શ્રી ઈશ્વરભાઈ પરમાર (સાહિત્યકાર-દ્વારકા)**

શિશુવિહાર સંસ્થાનું સમાચાર પત્ર એવી પ્રતીતિ કરાવતું રહે છે કે શિશુવિહાર કરુણાભીનીભૂમિ છે. અહીં શિશુસેવાનો જ નહીં, સર્વેની મંગલકામના સાથે ધ્વજ ફરકી રહ્યો છે અને તે અર્થે સમર્પિત પ્રત્યેક ઉદયની ભાવના સાથે અનેકવિધ પ્રવૃત્તિઓમાં ગૂંથાયેલ છે એ સર્વેને શુભેચ્છાઓ સહ વંદન કરું છું.

**• શ્રી હેમંત શાહ (તંત્રી-નવચેતન, અમદાવાદ)**

ગુજરાતના સુપ્રસિદ્ધ સામયિક નવચેતનના શતાબ્દી વર્ષ પ્રસંગે શિશુવિહાર સંસ્થાનાં વિવિધ આયામોનાં વિચાર પ્રકાશિત કરવા મળ્યા. તેથી અમારા વાચકો પણ સમૃદ્ધ બન્યા છે. કામની વ્યસ્તતા વચ્ચે પણ શિશુવિહારનાં કાર્યકરો તરફથી સંતોષકારક જવાબ મળતો રહ્યો છે. સેવાકીય સંસ્થાઓ માટે આ અભિગમ માર્ગદર્શક બને છે. નવચેતનને ૧૦૧મા વર્ષે પણ શિશુવિહારનો સહયોગ મળતો રહેશે. તેવી અભ્યર્થના.

**• શ્રી સુરેશભાઈ દોશી (ચેન્નઈ)**

શિશુવિહારની અનેકવિધ પ્રવૃત્તિઓથી અમને વાકેફ રાખવા માટે આભાર. સંસ્થા દ્વારા શ્રી માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં સન્માનિત ૧૦૦ ડૉક્ટરો, શિક્ષકો અને મહિલા કાર્યકરોનું સુંદર પુસ્તક તૈયાર થયું છે. તે જોતા પ્રેરણા મળે છે. આ સાથે સુધર્મા ટ્રસ્ટનો સહયોગ જોડતા આનંદ અનુભવુ છું.

**• શ્રી દૂધીબહેન દેવચંદભાઈ મહેતા (મુંબઈ)**

શિશુવિહારની માનવકલ્યાણ પ્રવૃત્તિઓ માટે અભિનંદન. ગરીબ બહેનો અને બાળકોની તાલીમ માટેની આપની કાળજી નોંધ લેવા પાત્ર છે. અમારા ટ્રસ્ટનો સહકાર સામેલ રાખુ છું. ધન્યવાદ.

**• શ્રી જીવનભાઈ હકાણી (મેનેજિંગ ટ્રસ્ટી, ભૂરખિયા હનુમાન ચેરિટેબલ ટ્રસ્ટ)**

શ્રી ભુરખિયા હનુમાનજી મહારાજની પ્રસાદીરૂપ આપની સંસ્થાની માનવસેવા પ્રવૃત્તિઓ માટે અમારું યોગદાન સ્વીકારશો. ભાવનગરની સેવાકીય પ્રવૃત્તિની શોભારૂપ શિશુવિહારના સેવકોને આશીર્વાદ.

**• શ્રી જ્યોતિબહેન ત્રિવેદી (વડોદરા)**

શિશુવિહાર સામયિક નિયમિત મળે છે. સંસ્થા સાથેના સંબંધના કારણે મેગેઝિન જોતા ભૂતકાળ તાજો થઈ આવે છે. જોકે, હવે ઉંમરવશાત્ વંચાતુ નથી, પણ સંસ્થાની પ્રગતિથી સંતોષ થાય છે.

**• શ્રી કુલીનકાંત લુઠિયા (માનવજ્યોત, મુંબઈ)**

વર્ષ ૧૯૬૮થી અવિરતપણે શિશુવિહારમાં યોજાતા નેત્રયજ્ઞ થકી ૧૯૭૦૦થી વધુ ગરીબોને કેટરેક્ટની સર્જરીનો વિનામૂલ્યે લાભ મળ્યો છે. તે કેવી મોટી સેવા બને છે. સૌરાષ્ટ્રનાં બીજા તાલુકાઓની સરખામણીમાં ભાવનગર તાલુકામાં આંખના દરદીઓની ઓછી સંખ્યા છે. તેનું એક કારણ શિશુવિહારનો સેવા સહયોગ બને છે. નેત્રરક્ષા ચેરિટબેલ ટ્રસ્ટના માધ્યમથી ડૉ. શિવાનંદ અધવર્યુજીએ પ્રગટાવેલ સેવા દીપને પ્રજ્વલિત રાખવા માટે આનંદ અને અમારી સંસ્થા થકી પી.બી.એન. ટ્રસ્ટનો સહયોગ જોડું છું.

**• શ્રી રમેશભાઈ પંડયા (મુંબઈ)**

બહેનો ભણે અને સ્વ-રોજગાર માટે તાલીમબદ્ધ થાય તે દિશામાં શિશુવિહારનાં પ્રયત્નને આવકારું છું. શ્રી હીરાબહેન માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં અપાતી કન્યા કેળવણી સહાય છેલ્લા બે વખતથી ગામડાંઓમાં અપાય છે તે વાતે વિશેષ આનંદ વ્યક્ત કરું છું અને અમારો સહયોગ જોડું છું. ઉંમર થઈ છે પણ આપના કામથી હંમેશા પરિચિત રહુ છું.

**• શ્રી પ્રફુલભાઈ લાલચંદભાઈ શાહ (અમદાવાદ)**

સંસ્થાના બાલમંદિરમાં આવતા ગરીબ બાળકો માટેની ફીમાં રાહત આપી બાળકના મા-બાપને જાગ્રત રાખવાની શિશુવિહારની કામગીરી પ્રશંસનીય છે. મા-બાપ જાગ્રત થશે તોજ બાળકોના આરોગ્ય અને શિક્ષણનું કામ થવાનું છે. સરસ. મારી શુભકામના અને તમને આર્થિક ટેકો પણ.

**• શ્રી હેમેન્દ્રભાઈ વળિયા (મુંબઈ)**

ગામડાનાં અંતરિયાળ વિસ્તારની બહેનો હૉસ્ટેલમાં રહીને શાળામાં ભણવાની કાળજી લે છે તે સારી વાત છે. તમે આવી દીકરીઓનાં શિક્ષણ અને આવડત વિકાસ માટે કાળજી લો છો તે વિશેષ આવકારને પાત્ર છે. અમારી શુભેચ્છા.



**• શ્રી એમ.જી. દેસાઈ (ભાવનગર)**

આપના તરફથી 'શ્રી માનભાઈ ભટ્ટ નાગરિક સન્માનિતોનો સંક્ષિપ્ત પરિચય' પુસ્તક મેળવીને આનંદ થયો છે. એક જ પુસ્તકમાં આજ સુધીમાં સર્વે સમાજના સેવાવ્યાપી, કર્તવ્યનિષ્ઠ, નિષ્ઠાવાન, મુઠી ઉંચેરા સન્માનિત વ્યક્તિઓનો પરિચય આપવાનું ઉમદાકાર્ય કર્યુ છે તે માટે શિશુવિહાર સંસ્થાને તથા અંગત રીતે તમને અભિનંદન. આવું સરસ પુસ્તક મોકલવા માટે આભાર.

**• ડૉ. ભરતભાઈ ગરીવાલા (નિયામક- આયોજન પંચ, ગુજરાત રાજ્ય)**

શિશુવિહાર દ્વારા સન્માનિત મહાનુભાવોનો પરિચય આપતું પુસ્તક મળ્યુ છે. છેલ્લા ત્રણ-ત્રણ દાયકાથી ચાલતી પ્રવૃત્તિઓનું આટલી સારી રીતે ડૉક્યુમેન્ટેશન થયું છે તે પણ પ્રેરણાદાઈ છે. મારા પત્ની ડૉ. મિનાક્ષીબહેન ગરીવાલાના નામથી સંસ્થામાં યોજાતી સેવાકીય પ્રવૃત્તિ મારા માટે ગૌરવ સમાન છે. અભિનંદન.



**સ્વરાજ્યની શાળા**
**શિશુવિહાર**
**વર્ષ ૧૯૮૮માં પ્રકાશિત**
**શિશુવિહાર સામયિકોનો સાર**
**(એક દસ્તાવેજ)**
**ભાગ-૨**




**મે**

**• ઈદ મુબારકઃ** આજે ઈદના પવિત્ર દિવસે આપણે સૌ સાથે મળી અલ્લાહની બંદગી કરીએ, જેથી તે સૌને પાળવા-પોષવાવાળો, સૌનો ઉદ્ધારક આપણને સદ્બુદ્ધિ અને સન્મતિ આપે અને તે નિહાયત રહમવાળા મહેરબાન અલ્લાહની કૃપાદૃષ્ટિથી આપણે અરસપરસ ભાઈચારો કેળવીને, સૌ સાથે મળીને, તે પરમ કૃપાળુની અસીમ કૃપાને કારણે આપણને જે ઓલાદ પ્રાપ્ત થઈ છે તેમનામાં જ્ઞાન દ્વારા માનવતા પ્રગટ થઈ છે તેમને અલ્લાહમાં સાચી શ્રદ્ધા રાખીને આગળ વધવામાં મદદરૂપ થઈએ. તેમની સંભાળ રાખવાનું, તેમને આદર્શ નાગરિક બનવવાનું બળ મેળવીએ. આપને તથા આપના પરિવારને આજના પવિત્ર દિવસે શિશુવિહાર સંસ્થા હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

**• દુઃખદ દેહાવસાનઃ** શિશુવિહાર સંસ્થા શ્રી બચુભાઈ પી. કામ્બડના દેહાવસાન

બદલ ઊંડા શોકની લાગણી અનુભવે છે. તેઓ સંસ્થાના આજીવન સભ્ય હતા એટલું જ નહીં, પરંતુ શિશુવિહારની સ્થાપના તથા ઉત્કર્ષમાં જે શ્રમજીવી મિત્રોએ નિષ્કામભાવે તન, મન, ધનથી સક્રીય સેવા કરેલ છે તેમાં શ્રી બચુભાઈ પણ શરૂઆતથી જ સામેલ હતા. નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ તેઓ સર્વ શક્તિનો અને સમયનો સદુપયોગ પોતાની પછાત કોળી જ્ઞાતિની સેવામાં અને વિકાસમાં કરી રહ્યા હતા અને જીવનની આખર ઘડી સુધી જ્ઞાતિની સેવામાં કાર્યરત રહ્યા હતા, પછાત કોમને રાષ્ટ્રીય ભાવનાવાળી રચનાત્મક દૃષ્ટિથી આગળ લાવવા તેઓ અથાક પ્રયત્નો કરી ગયા છે. તેઓના સ્વર્ગવાસથી સમાજને નિષ્ઠાવાન કાર્યકતાની ખોટ પડી છે.

• **બુધસભાના કવિ પ્રજારામ રાવળનું સન્માનઃ**

'અમે આ રહ્યા શ્રી પ્રજારામ રાવળ, અમારે તમારાં મિલનની ઉતાવળ.'

ઉપરની પંક્તિઓથી શરૂ કરીને ૬૦ લીટીના કાવ્યમાં જાણીતા કવિ અને વૈદ્ય શ્રી પ્રજારામ રાવળે આપણને પોતાનો અને પોતાની જન્મભૂમિ ઝાલાવાડનો પરિચય આપ્યો છે. પ્રજારામભાઈને ૭૦ વરસ પૂરા થયા તે નિમિત્તે તેઓનું સન્માન કરવા અને શુભેચ્છાઓ આપવા શિશુવિહાર બુધસભાએ ખાસ મેળવાડો રાખ્યો હતો. સંસ્થા તરફથી તેઓને શાલ ઓઢાડવામાં આવેલ. આયુર્વેદની ઔષધીઓ જેવી, આક્રોશ કે આવેશ વિનાની શુદ્ધ, નરી નીતરી કવિતાના સર્જક તરીકે તેઓ ગુજરાતી સાહિત્યમાં અગ્રસ્થાને છે. તેઓ લાંબુ અને નિરામય આયુષ્ય ભોગવે તેવી હાર્દિક શુભેચ્છાઓ સાથે અભિનંદન.

• **સંસ્થાકીય સમાચારોઃ**

• **નાસ્તા ભેટઃ** એપ્રિલ માસમાં વાલીઓ તથા શુભેચ્છકો તરફથી બાલમંદિરમાં બાળકોની નાસ્તા ભેટમાં રૂ.૧૫૭ મળ્યા છે. • **વર્ષાંત ઉત્સવઃ** બાલમંદિરનો વર્ષાંત ઉત્સવ ઉજવાયો. પહેલે દિવસે મનોરંજન, બીજે દિવસે પ્રદર્શન અને ત્રીજે દિવસે બાળકોના સ્નેહ ભોજનનો કાર્યક્રમ થયો. • **ફીનું ધોરણઃ** જૂન ૧૯૮૮થી બાલમંદિરની માસિક શિક્ષણ ફી તથા નાસ્તા ફીમાં ફક્ત એક રૂપિયાનો વધારો કરેલ છે. તે મુજબ દાખલ ફી અને સત્ર ફીમાં પણ ફક્ત એક રૂપિયાનો વધારો થશે. • **બાલવાડી શિબિરઃ** નઈ તાલીમ સંઘ ગુજરાત દ્વારા સંચાલિત બાલવાડી શિબિરમાં તાલીમ લેવા બાલમંદિરનાં બે શિક્ષિકા સુરત જિલ્લાના દેદવાસણ ગામે, તાડગોળ વિદ્યાલયમાં ગયા છે. • **બાલશિક્ષણનો અનુભવ વર્ગઃ** પ્રિ.પી.ટી.સી. થયેલ બહેનો માટે શિશુવિહાર બાલમંદિરમાં પાંચ માસનો ૧૪મો અનુભવ વર્ગ જૂનની બીજી તારીખથી શરૂ થશે. આવેલ અરજીઓમાં ૬ બહેનોને દાખલ કરાય છે. વર્ગમાં દાખલ થયેલ બહેનોને તાલીમના સમય દરમિયાન માસિક રૂ.૧૭૫ શિષ્યવૃત્તિ મળે છે.

• **વૃદ્ધાશ્રમ ઊણપ કે જરૂરિયાત? :** કેટલાંક લોકો માને છે કે, વૃદ્ધાશ્રમો એ સંસ્કારની ઊણપ ગણાય, અને જેને ખરેખર જરૂર છે તેઓ પણ એમ માને છે કે વૃદ્ધાશ્રમમાં રહેશું તો કોઈક 'શું માનશે-કહેશે', પરંતુ અમે તો કહીએ છીએ કે, વૃદ્ધાશ્રમ કોઈ પાંજરાપોળ કે અનાથાશ્રમ નથી. વૃદ્ધાશ્રમ એટલે યોગક્ષેમ અને કૌટુંબિક પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થયેલ સૌ કોઈ સન્માનથી, સ્વતંત્ર રીતે, કોઈને લેશ માત્ર ભારરૂપ થયા સિવાય પોતાનું શેષ જીવન પૂરું કરી શકે, ઉપરાંત જીવનભરના ઉમદા અનુભવ



નિચોડને લક્ષમાં રાખી યથાશક્તિ અન્ય લોકોની સેવા કરી શકે, પોતાના અંગત શોખના વિષયોનો અભ્યાસ કરે, કંઈક ધાર્મિક જ્ઞાન-ધ્યાનમાં મગ્ન રહી નિજાનંદ મેળવી શકે તેવું સ્થળ તે વૃદ્ધ નિકેતન એવું માનવાનું કારણ પણ નથી કે, આશ્રમ એટલે એક પ્રકારનું બંધન, વૃદ્ધાશ્રમ અત્યારના કાળાનુસાર શેષ જીવનને વધુ સરળતાપૂર્વક પસાર કરવાનું ઉમદા સાધન છે. જ્યાં સ્વજનો મળવા, સલાહ સૂચના લેવા આવે, અરસપરસ સારસંભાળ લે, પ્રસંગોપાત તમામ સ્થળે જઈ આવી શકે. આ હેતુએ શરૂ કરેલ વૃદ્ધાશ્રમની જરૂરિયાત સુજ્ઞજનોને સમજાઈ હોવાથી આશ્રમમાં દાખલ થવાની માંગણી વધતી જાય છે.

## જૂન

• **ચક્ષુદાન પ્રવૃત્તિઃ** મે ૧૯૮૮માં ૧૩ પૂણ્યાત્માઓના ૨૬ ચક્ષુદાન મળ્યાં છે. એવી કહેવત છે કે, 'હાથી જીવતો લાખ રૂપિયાનો પણ મરેલો સવા લાખ'નો આ વિજ્ઞાન યુગમાં મનુષ્યદેહનું પણ એવું જ છે. મૃત્યુ બાદ પણ માનવદેહના અંગ ઉપાંગોનો જનસેવામાં સદુપયોગ થાય છે. મૃતદેહની આંખો વડે અંધજનોને દેખતાં કરી શકાય છે. તેથી મૃતદેહનો બાળીને કે દાટીને નાશ કરતાં પહેલા તેની બંને આંખો વડે દાનમાં આપવાની ઝુંબેશ શિશુવિહાર સંસ્થા ઘણાં વરસોથી ચલાવે છે. ભાવનગર આ પૂણ્ય પ્રવૃત્તિમાં મોખરે રહ્યું છે. ચક્ષુદાનો સ્વીકારવામાં ડૉ. કુરંગિનીબહેન ધ્રુવ, ડૉ. પી. આર. મુંજપરા, ડૉ. શ્રી એ.એમ. લાખાણી, ડૉ. માલતીબહેન મહેતા, ડૉ. પી.સી. ગાંધી, ડૉ. એમ. જી. દેસાઈ અને અમદાવાદની આંખની હૉસ્પિટલ તેમજ વીરનગર અને અમદાવાદની આંખની હૉસ્પિટલોને મોકલવામાં આવ્યાં છે. સર્વે ડૉક્ટરનો અને દાતાઓના સંસ્કારી કુટુંબીજનોનો આભાર.

• **મે માસની સ્કાઉટિંગ પ્રવૃત્તિઃ** કોર્ટ ઑફ ઓનરના આયોજન મુજબ તા.૪-૫ થી ૮-૫ સુધી કોમળપદ તાલીમનો વાર્ષિક કેમ્પ યોજાઈ ગયો. જેમાં કુલ ૫૫ સ્કાઉટ ગાઈડે ભાગ લઈ કોમળપદના વિષયોની તાલીમ મેળવી અને કસોટી આપી. આયોજન તેમનામાં જ ૭ સ્કાઉટે પ્રથમવાર જ સંભાળેલ તેમ છતાં સુંદર રીતે કેમ્પની વ્યવસ્થા કરી હતી. કેમ્પ દરમિયાન જુદા જુદા મહેમાનોને બોલાવી ધ્વજવંદન, જુદી જુદી રમત, કેમ્પ ફાયર, સ્વયંપાક, કુકિંગ વગેરે કાર્યક્રમ રહ્યા હતા. આ ઉપરાંત દળ મુજબ, દળ જગ્યા, દળ ધ્વજ, દળ સંજ્ઞા, દળ નામ પણ તૈયાર કરાયા હતા. આ રીતે વાર્ષિક કેમ્પમાં ૫૫ સ્કાઉટ ગાઈડ સ્કાઉટની પ્રથમ કક્ષાની ઉત્તમ તાલીમ તબક્કાવાર મેળવી.

• **વ્યાયામ શિબિરઃ** વાર્ષિક કેમ્પની સમાપ્તિ બાદ બીજા દિવસથી જ ૧૦ દિવસની પ્રાતઃ વ્યાયામ શિબિરની શરૂઆત થઈ. આ શિબિરનો હેતુ લેઝિમ, ડબ્બેલ્સ, ફૂટબોલ, કસરત વગેરે શીખવાનો હતો. શિબિરનું સંચાલન અજયભાઈની રાહબરી હેઠળ થયું. ૨૫ સ્કાઉટો સવારના ૬ થી ૭:૩૦ સુધી ભાગ લઈ જુદા જુદા વ્યાયામ, કસરત વગેરે ઉત્સાહભેર શીખ્યા. મે માસ દરમિયાન સ્કાઉટ ગાઈડની સભ્ય સંખ્યા ૧૫૦ થઈ ગઈ છે. શ્રી અજયભાઈ ભટ્ટ તથા શ્રી જયભાઈ દવેએ

સ્કાઉટિંગની પ્રવૃત્તિની સારી જમાવટ કરી છે. અભિનંદન.

**• દિવ્યજીવન પત્રિકાઃ ઈન્દાબહેનનો વનપ્રવેશઃ**

સંસારને તપોવન ગણી તેમાં સહજતાપૂર્વક વિચરતાં, વિહરતાં આપણાં ઈન્દાબહેન, (તા.૨૨ જૂન, ૧૯૮૮) વનપ્રવેશ કરે છે.

પોતાનાં જીવનની બે પચ્ચીસીનો પૂરેપૂરો હિસાબ ઈન્દાબહેને સર્જનહારને આપ્યો છે. સેવાભાવી, સંસારમાં રહીને સંતત્વ જાળવનાર પિતા માનભાઈ અને ભક્તહૃદયા માતા સૌ. હીરાબહેનની આ દીકરીએ સમજણ પ્રાપ્ત કરી ત્યારથી સેવાને જ પોતાનું જીવનવ્રત ગણ્યું છે.

છેલ્લાં કેટલાંય વર્ષોથી ભાવનગર દિવ્ય જીવન સંઘના સ્તંભરૂપ તે બની રહ્યા છે. એટલે તો ગુજરાત દિવ્યજીવન સંઘના સ્તંભરૂપ તે બની રહ્યા છે એટલે તો ગુજરાત દિવ્ય જીવન સંઘના સ્થાપક, પૂ.શિવાનંદજી મહારાજના શિષ્ય બાપુજીના અમૃત મહોત્સવ પ્રસંગે, આપણાં પરમાધ્યક્ષ પૂ. ચિદાનંદજી મહારાજ તેમને સેવારત્નનું પ્રમાણપત્ર અર્પે છે, તેમના પ્રત્યે આશિષ વાત્સલ્ય સતત વર્ષાવે છે. જીવનની ત્રીજી પચ્ચીસીમાં પ્રવેશતાં, વનપ્રવેશ કરતાં ઈન્દાબહેનને ભાવનગર શિવાનંદ પરિવાર વતી અભિનંદન પાઠવતાં આનંદ અનુભવું છું. સંસારને તપોવન ગણતાં બહેનનાં વનનાં વર્ષો દુર્ગમ, અટપટાં કે આકરાં નહિ હોય તેની ખાતરી છે છતાં એ વર્ષોની યાત્રા, સમગ્ર ભાવિ યાત્રા વધારે સુખપૂર્ણ, સાત્વિકને સેવાપરાયણ બની રહો તેવી પ્રાર્થના.

– તખ્તસિંહ પરમાર

(તા.૧૦-૬-૮૮)

**• દિવ્યજીવનઃ યોજાયેલ કાર્યક્રમ**

તા.૨૧-૪ એ જગદ્ગુરુ ભગવાન આદિ શંકરાચાર્યની ૧૨૦૦મી જયંતિ નિમિત્તે રાત્રે શ્રી શંકરાચાર્યજીના જીવનકવનની વિડિયો ફિલ્મ બતાવી હતી. તા.૨૨-૪ એ મુનિશ્રી કીર્તિચંદ્રવિજયજીનું ‘મૃત્યુની મંગલયાત્રા’ પરનું વિડિયો પ્રવચન, તા.૧-૫એ બુદ્ધ પૂર્ણિમા નિમિત્તે પ્રભાત ફેરી, બપોરે ૧ થી ૫ વૃદ્ધાશ્રમમાં દરેક રૂમોની પૂર્ણ સફાઈ. તે પછી વડીલો સાથે સત્સંગ થયો, રાત્રે શિશુવિહારમાં પૂનમનું સમૂહભોજન થયું. પૂ. માનભાઈ સાથે સેવાપ્રવૃત્તિ અંગે પ્રશ્નોત્તરી થઈ, બુદ્ધના મધાવતારનું વાંચન થયું, ગીતો ગવાયાં.

## શ્રદ્ધાંજલિ

**સ્વ. જીતુભાઈ વૈષ્ણવ, સ્વ. કિરણભાઈ પંડયા, સ્વ. નવીનભાઈ પટ્ટણી**

શિશુવિહાર પરિસરની દિવ્યજીવન પ્રાર્થનામાં નિયમિત આવતા સાધક સ્વ. જીતુભાઈ વૈષ્ણવ, સ્વ. કિરણભાઈ પંડયા, સ્વ. નવીનભાઈ પટ્ટણીએ ટૂંકી માંદગી બાદ ચિર વિદાય લીધી છે. પ્રાર્થના પરિવારમાં ત્રણે સાધકોની હંમેશા ખોટ અનુભવાશે. સદ્ગતના આત્માને પરમ શાંતિ મળે તેવી પ્રભુને પ્રાર્થના.

–દિવ્યજીવન પ્રાર્થના પરિવાર, શિશુવિહાર.



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,

12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021

80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021

PAN No.: AACTS4389Q

CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો

નામ: ‘**શિશુવિહાર**’

SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982

IFS Code: SBIN0060009

UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY

UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar Shishuvihar Bhavnagar

Shishuvihar Shishuvihar

પરામર્શ સમિતિ
શ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, શ્રી અનિલભાઈ બોરીચા, શ્રી દક્ષાબહેન ગોહેલ, શ્રી મનિષા કણબી

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAK M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA